Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 9, Issue 2, December 2023
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# ભારતમાં પ્રવાસન ક્ષેત્રનો આર્થિક અભ્યાસ

**સંશોધક**

**વ્યાસ ઈપ્સા રાજેશભાઈ**

**અર્થશાસ્ત્ર વિભાગ**

**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી**

**ભુજ**

## સારાંશ

થોડાક વર્ષો પહેલા પ્રવાસ માત્ર અમુક લોકો સુધી મર્યાદિત માનવામાં આવતો હતો.આ વર્ગ સરળતાથી પ્રવાસ માટેનું મુસાફરી ખર્ચ ઉઠાવી શકે તેમ હતો,તથા યોગ્ય સમય ફાળવી શકતો હતો. પ્રવર્તમાન સમયમાં પ્રવાસન વિભાગનો વિકાસ થવા પાછળના મુખ્ય કારણો પ્રવાસન સ્થળ પરની અદ્યતન સુવિધાઓ, મનોરંજન, સરળ અને ઝડપી વાહન-વ્યવહાર ગણાવી શકાય. આ સુવિધાઓના વિકાસથી પ્રવાસન વિભાગ કોઈપણ દેશના અર્થતંત્ર માટે એક અગત્યનો વિભાગ ગણવામાં આવ્યો અને અર્થતંત્રના વિકાસને વધુ વેગવંતો બનાવવામાં મહત્વનુ સ્થાન પામ્યો છે. વિદેશી હુંડિયામણના પ્રમાણમાં વર્ષ 2015 થી 2019 ના સમયગાળા સુધી વધારો જોવા મળે છે,જ્યારે વર્ષ 2020 ખૂબ જ ઘટાડો જોવા મળ્યો છે. ભારતની GDPમાં પ્રવાસનના  ટકાવારી પ્રમાણમાં વધારો-ઘટાડો જોવા મળે છે. વર્ષ 2024માં 10% જે સૌથી વધુ છે, જ્યારે 2020 માં તેનું પ્રમાણ માત્ર 4.3% જેટલું હતું જેનું કારણ કોવિડ-19 હતું.

**મુખ્ય શબ્દો**:- પ્રવાસન, વિદેશી હુંડિયામણ, GDP, વિદેશી પ્રવાસીઓ

## પ્રસ્તાવના

છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રવાસન વિભાગ દેશના આર્થિક વિકાસમાં મહત્વનું યોગદાન આપતો નોંધવામાં આવ્યો છે.વર્તમાન સમયમાં માત્ર ભારત જ નહીં .પરંતું વિશ્વસ્તરે પણ પ્રવાસન સૌથી મહત્વનું યોગદાન આપી રહયો છે. તેથી વિશ્વસ્તરે આ વિભાગ 'ડેલાઇટ' વિભાગ તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. પ્રવાસનનો અભ્યાસ તે વર્તમાન સમયના તેવા લોકોનો અભ્યાસ છે જે પોતાના રોજબરોજના જીવનમાંથી થાકી-પરવારી કોઈ અન્ય સ્થળે મુલાકાત માટે જાય છે.

થોડાક વર્ષો પહેલા પ્રવાસ માત્ર અમુક લોકો સુધી મર્યાદિત માનવામાં આવતો હતો.આ વર્ગ સરળતાથી પ્રવાસ માટેનું મુસાફરી ખર્ચ ઉઠાવી શકે તેમ હતો,તથા યોગ્ય સમય ફાળવી શકતો હતો. પ્રવર્તમાન સમયમાં પ્રવાસન વિભાગનો વિકાસ થવા પાછળના મુખ્ય કારણો પ્રવાસન સ્થળ પરની અદ્યતન સુવિધાઓ, મનોરંજન, સરળ અને ઝડપી વાહન-વ્યવહાર ગણાવી શકાય. આ સુવિધાઓના વિકાસથી પ્રવાસન વિભાગ કોઈપણ દેશના અર્થતંત્ર માટે એક અગત્યનો વિભાગ ગણવામાં આવ્યો અને અર્થતંત્રના વિકાસને વધુ વેગવંતો બનાવવામાં મહત્વનુ સ્થાન પામ્યો છે. આમ, વર્તમાન સમયનું પ્રવાસન એટલે વિશ્વભરનો પ્રવાસ કરવો તથા અવનવા સ્થળો વિષે માહિતી મેળવવી તેમજ તે સ્થળો વિષે વધુ જાણવું. આમ, સંપૂર્ણ વિશ્વને પ્રવાસન વિભાગે વિકાસના એક ઢોળાવ પર મૂકી દીધું છે.

## પ્રવાસનનો અર્થ

પ્રવાસનને અંગ્રેજીમાં "TOURISM" કહે છે. 'પ્રવાસ' ને અંગ્રેજીમાં 'TOUR' અને પ્રવાસ કરનાર 'પ્રવાસી' ને 'TOURIST' કહે છે.

પ્રવાસી 'TOURIST' શબ્દ પ્રવાસ 'TOUR' શબ્દ પરથી આવ્યો છે. પ્રવાસ શબ્દની ઉત્પત્તિ ઈ.સ. 1292માં થઈ હતી. અંગ્રેજી 'TOUR' શબ્દ લેટીન શબ્દ ભાષામાં 'TOURNUS' શબ્દ પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ 'વર્તુળ કરવા માટેનું સાધન' એવો થાય છે.

'TOUR' શબ્દ હિબ્રૂ ભાષાનો પણ છે. જે 'TOURAH' શબ્દ પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ 'અધ્યયન અથવા નવી ખોજ' એવો થાય છે. 17મી સદીના આરંભમાં 'TOUR' શબ્દનો ઉપયોગ એક

સ્થળેથી બીજા સ્થળે જવાની ક્રિયા માટે થતો હતો. ઈ.સ. 1643માં આ શબ્દનો ઉપયોગ વિવિધ જગ્યાએ યાત્રા, મનોરંજન, પ્રવાસ, પર્યટન તેમજ અનેક રાષ્ટ્રોના ક્ષેત્રમાં અલગ-અલગ જગ્યાએ હરવા-ફરવા કે યાત્રા કરવા માટે થવા લાગ્યો હતો.

## પ્રવાસનની વ્યાખ્યા

- શ્રી આર. જે શાહના મત મુજબ "પ્રવાસન મુખ્યત્વે આર્થિક બાબતોનું સંચાલન કરે છે, જે ચોક્કસ દેશ, શહેર અથવા પ્રદેશની અંદરના અને બહારના વિદેશી લોકોની મુલાકાત, રોકાણ અને હિલચાલને સીધીરીતે જોડે છે."
- શ્રી રતનસિંહના મત અનુસાર "પ્રવાસન એટલે મુસાફરી અથવા જોવાલાયક સ્થળોનું કાર્ય- ખાસ કરીને ઘરથી દૂર સામૂહિક રીતે પ્રવાસીઓ કોઈ સ્થળ અથવા સીમાચિહ્નની મુલાકાત લે તે પ્રવાસન બને છે."

## સંશોધનના હેતુઓ

1. ભારતની GDPમાં પ્રવાસન ક્ષેત્રનો ફાળો તપાસવો.
2. પ્રવાસનમાંથી મળતી વિદેશી હુંડિયામણનું પ્રમાણ જાણવું.
3. ભારતમાં આવતા વિદેશી પ્રવાસીઓનું પ્રમાણ જાણવું.

### અભ્યાસનું મહત્વ

- આ સંશોધન અભ્યાસથી ભારતમાં પ્રવાસનનું મહત્વ જાણી શકશે.
- આ સંશોધન અભ્યાસથી ભારતમાં આવતા વિદેશી પ્રવાસીઓનું પ્રમાણ જાણી શકશે.
- આ સંશોધન અભ્યાસથી ભારતના આર્થિક ક્ષેત્રોમાં પ્રવાસનનો ફાળો જાણી શકશે.
- આ સંશોધન અભ્યાસ ભારતના પ્રવાસનને ઉજાગર કરવામાં મહત્વનુ સાબિત થશે.

## માહિતીના પ્રાપ્તિસ્થાનો

માહિતીની પ્રાપ્તિ માટે વિવિધ સામયિકો, વેબસાઇટ, અન્ય સંશોધન રિપોર્ટ, બુકો અને આંકડકીય માહિતી માટે પશુપાલનના અહેવાલો વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## માહિતીનું વિશ્લેષણ

- ભારતની GDPમાં પ્રવાસનનો ફાળો

| ક્રમ | વર્ષ | GDPમાં હિસ્સો (%) |
|---|---|---|
| 1 | 2019 | 7% |
| 2 | 2020 | 4.30% |
| 3 | 2021 | 5.80% |
| 4 | 2022 | 5.90% |
| 5 | 2023 | 9.10% |
| 6 | 2024 | 10% |

સ્રોત:- www.statista.com

**અર્થઘટન**


ઉપરોક્ત કોષ્ટકમાં વર્ષ 2010 થી 2024ના સમયગાળા દરમિયાન ભારતની GDPમાં પ્રવાસન ક્ષેત્રના હિસ્સાની વિગતો દર્શાવેલી છે.

- વર્ષ 2019 થી 2024ના ગાળા દરમિયાન દેશની જીડીપી પ્રવાસન ક્ષેત્રના હિસ્સામાં વધારો-ઘટાડો થતો જોવા મળે છે.
- વર્ષ 2020 માં તેનો હિસ્સો માત્ર 4.30% જ હતું જે વધીને 2024માં 10 % જેટલું થયેલું છે.

- પ્રવાસનક્ષેત્રમાંથી મળતી વિદેશી હુંડિયામણનું પ્રમાણ

| ક્રમ | વર્ષ | વિદેશી હુંડિયામણ (મિલિયન ડોલરમાં) | ટકાવારી ફેરફાર |
|---|---|---|---|
| 1 | 2015 | 21,071 | 4.1 % |
| 2 | 2016 | 22,923 | 9.1 % |
| 3 | 2017 | 27,310 | 19.1 % |
| 4 | 2018 | 28,586 | 4.7 % |
| 5 | 2019 | 30,058 | 5.1 % |
| 6 | 2020 | 6,958 | -76.8% |

સ્રોત - www.statista.com




અર્થઘટન

ઉપરોકત કોષ્ટકમાં વર્ષ 2015થી 2020 માં પ્રવાસન ક્ષેત્રમાંથી મળતી વિદેશી હુંડિયામણની માહિતી દર્શાવવામાં આવી છે.

- પ્રવાસન ક્ષેત્રમાંથી મળતી વિદેશી હુંડિયામણના પ્રમાણમાં વર્ષ 2015 થી 2019 ના સમયગાળા સુધી વધારો જોવા મળે છે,જ્યારે વર્ષ 2020 ખૂબ જ ઘટાડો જોવા મળ્યો છે.
- વર્ષ 2015 માં વિદેશી હુંડિયામણનું પ્રમાણ 21,071 મિલિયન ડોલરનું હતું જે વધીને 2019માં 30,058 મિલિયન ડોલર થયું હતું. પરંતુ વર્ષ 2020 તેનું પ્રમાણ માત્ર 6,958 મિલિયન ડોલર જ હતું.
- પ્રવાસન ક્ષેત્રમાંથી મળતી વિદેશી હુંડિયામણમાં થતાં ટકાવારી ફેરફાર જોઇએ તો વર્ષ 2017 માં સૌથી વધુ (19.1%) છે, જ્યારે વર્ષ 2020માં સૌથી ઓછું (-76.8%) હતું.

- **ભારતમાં આવતા વિદેશી પ્રવાસીઓનું પ્રમાણ**

| મહિનો | 2018 | 2019 | 2020 | 2021 | 2022 |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | 1,045,027 | 1,111,040 | 1,119,250 | 94,662 | 201,546 |
| ફેબ્રુઆરી | 1,049,259 | 1,090,516 | 1,018,440 | 110,312 | 240,896 |
| માર્ચ | 1,021,539 | 978,236 | 328,304 | 133,786 | 342,308 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| એપ્રિલ | 745,033 | 774,651 | 2,820 | 78,718 | 392,930 |
| મે | 606,513 | 615,136 | 3,764 | 19,765 | 42,370 |
| જૂન | 683,935 | 726,446 | 8,590 | 36,070 | 522,737 |
| જુલાઇ | 806,493 | 818,125 | 12,655 | 72,501 | 640,858 |
| ઓગષ્ટ | 785,993 | 800,837 | 19,761 | 92,728 | 498,243 |
| સપ્ટેમ્બર | 719,894 | 751,513 | 28,167 | 115,661 | 536,340 |
| ઓક્ટોબર | 890,223 | 945,017 | 41,494 | 191,415 | 656,895 |
| નવેમ્બર | 1,012,569 | 1,092,440 | 70,977 | 263,867 | 768,675 |
| ડિસેમ્બર | 1,191,498 | 1,226,398 | 90,544 | 317,647 | 966,270 |

સ્ત્રોત - www.statista.com

અર્થઘટન

ઉપરોક્ત કોષ્ટકમાં ભારતમાં 2018 થી 2022ના સમયગાળા દરમિયાન જાન્યુઆરી થી ડિસેમ્બર મહિના દરમિયાન ભારતમાં આવેલા વિદેશી પ્રવાસીઓના પ્રમાણ અંગેની મહતી દર્શાવેલી છે

- પ્રથમ ત્રણ માસ દરમિયાન એટલે કે જાન્યુઆરી ફેબ્રુઆરી અને માર્ચ માહિનામાં વર્ષ 2018 થી 2024 દરમિયાન ભારતમાં વિદેશી પ્રવીસીઓની સરેરાશ સંખ્યા 10 લાખ જેટલી હતી.
- પછીના ત્રણ માસ એટલે કે એપ્રિલ, મે, જૂન,જુલાઇ,ઓગસ્ટ,સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં વર્ષ 2018 થી 2024ના સમયગળા દરમિયાન  વિદેશી પ્રવાસીઓની સંખ્યા બીજા મહિનાઓની સરખામણીમાં ઘટાડો જોવા મળ્યો છે.
- નવેમ્બર અને ડિસેમ્બર માસમાં વર્ષ 2018 થી 2024ના સમયગાળા દરમિયાન વિદેશી પ્રવીસીઓની સરેરાશ સંખ્યા 10 લાખ જેટલી જોવા મળે છે.
- વિદેશી પ્રવાસીઓની સૌથી ઓછી સરેરાશ સંખ્યા વર્ષ 2020 માં જોવા મળી હતી જે કોવિડ-19ના કારણે હતું.

અભ્યાસના તારણો

- આ સંશોધન અભ્યાસ પરથી જોવા મળ્યું કે ભારતની GDPમાં પ્રવાસનના ટકાવારી પ્રમાણમાં વધારો-ઘટાડો જોવા મળે છે. વર્ષ 2024માં 10% જે સૌથી વધુ છે, જ્યારે 2020 માં તેનું પ્રમાણ માત્ર 4.3% જેટલું હતું જેનું કારણ કોવિડ-19 હતું.
- 2015-2020ના આંકડાઓ પ્રમાણે પ્રવાસન ક્ષેત્રમાંથી મળતી વિદેશી હુંડિયામણના પ્રમાણમાં પણ વધારો-ઘટાડો જોવા મળે છે. જે વર્ષ 2017 માં સૌથી વધુ 27,310 (19.1%) હતું, જ્યારે વર્ષ 2020માં તેનું પ્રમાણ 6,985 (-76.8%) જેટલું ફેરફાર સૂચવે છે.
- ભારતમાં વિદેશી પ્રવાસીઓની વર્ષ 2018 થી 2024 દરમિયાન પ્રથમ ત્રિમાસ અને નવેમ્બર, ડિસેમ્બર દરમિયાન વધારે હતું, જ્યારે બાકીના મહિનાઓ દરમિયાન તેનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે.

## સંદર્ભ સૂચિ


1. (n.d.). india .gov.of. india
2. (2015) india tourism statistic.gov.of.india
3. (2016) india tourism statistic.gov.of.india
4. (2017) india tourism statistic.gov.of.india
5. (2018) india tourism statistic.gov.of.india
6. (2019) india tourism statistic.gov.of.india
7. (2020) india tourism statistic.gov.of.india
8. www.statista.com